Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક: ખરીદ શાખા/૧૧૪૮૭/૨૦૨૬
તા.૩૦/૦૫/૨૦૨૬

પ્રતિ,
**વ્યવસ્થાપકશ્રી,**

______________________

**વિષય:** પાણીની ટાંકીની ખરીદી બાબત
**સંદર્ભ:** ૧. તા.૦૭/૦૫/૨૦૨૬ ની ખરીદ સમિતિનો ઠરાવ ક્રમાંક: (૦૧)
૨. ખરીદ શાખાની તા.૨૭/૦૫/૨૦૨૬ ની નોંધ

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, વિશ્વવિદ્યાલય કેમ્પસ ખાતે વિવિધ ડિપાર્ટમેન્ટ, હોસ્ટેલ અને ભવનો માટે ૫૦૦૦ લિટરની ૧૦ નંગ પાણીની ટાંકીની ખરીદીની જરૂરીયાત હોય જે માટે આપની પાસે લઘુત્તમ ભાવો (GST સહિત) મંગાવવામાં આવે છે.

સદરહુ ખરીદી કરવા અંગે નીચે દર્શાવેલ માહિતી અને શરતો વાંચી, સમજી આપના બંધ કવરમાં યુનિવર્સિટી કાર્યાલયના વહીવટી ભવનના પરચેઝ સેલમાં મોડામાં મોડા **તા.૦૩/૦૬/૨૦૨૬, ના રોજ બપોરના ૦૨:૦૦ વાગ્યા સુધીમાં** રજી.એ.ડી./ પોસ્ટ/ કુરીયર/ સ્પીડ પોસ્ટ/રૂબરૂ સ્વીકારવામાં આવશે.

| **ક્રમ** | **વિગત** | **સ્પેશીફીકેશન** | **જરૂરીયાતની સંખ્યા** | **૦૧ નંગનો ભાવ** | **કુલ ભાવ(તમામ કરવેરા સહિત)** |
|---|---|---|---|---|---|
| ૧ | પાણીની ટાંકી | Cylindrical Vertical Tank with Lid, Rotational Moulded Polyethylene (LLDPE/HDPE), **Double Layered** (Dual Layer) **5000 Liters** (Minimum Net), Provided with threaded or hinged lid (as per IS) | ૧૦ નંગ | | |

શરતો:-

૧. સદરહુ કાર્ય કરવા ભાવપત્રકોની તમામ શરતો અનુસાર જે પાર્ટીના લઘુત્તમ ભાવ મળશે તે એજન્સીએ બાંધકામ વિભાગના વડાશ્રીના આદેશાનુસાર તાત્કાલીક તમામ સામગ્રી આપવાની રહેશે.
૨. ભાવપત્રક સીલ બંધ કવરમાં, સીલ કરેલ જગ્યાએ સહિ/સિક્કા મારીને પત્રનો જાવક નંબર, તારીખ, પાણીની ટાંકી અંગેનું ભાવપત્રક લખવાનું રહેશે.
૩. અધુરી વિગતવાળા, ભાવપત્રક સીલ બંધ કવર વગરના, ભાવમાં વધુ છેકછાક, તેમજ ફક્ત સ્ટેપ્લર કરેલ ભાવપત્રકો રદબાતલ ગણવામાં આવશે અન્યથા સ્વીકારવામાં આવશે નહી. એક યા બધા ભાવપત્રકો રદબાતલ કરવાનો હકક યુનિવર્સિટીને રહેશે અને તે માટે કોઇ કારણ આપવામાં આવશે નહી.
૪. ભાવપત્રકો સ્વીકારવાની નિયત કરેલ તારીખ અને સમય પછી આવેલ ભાવપત્રકો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

૫. ભાવો ભરવામાં છેક-છાક થઇ હોય ત્યાં ભાવપત્રક ભરનારે તેમની ટુંકી સહી અવશ્ય કરવાની રહેશે તથા દરેક પાનાની માહિતી વાંચી-સમજીને સહી અને સિક્કા કરવાના રહેશે. સહી ન હોય તો ભાવપત્રક રદ ગણવામાં આવશે.

૬. પાણીની ટાંકી બાંધકામ વિભાગના વડાશ્રીના આદેશાનુસાર જે તે ડિપાર્ટમેન્ટ, હોસ્ટેલ અને ભવનો ખાતે પહોંચાડવાના રહેશે.

૭. આપના તમામ CGST/SGST સહિતનો ભાવ આપવા, અલગથી કોઈ પણ જાતનો ચાર્જ ભાવપત્રકમાં લખવાનો રહેશે નહીં. આપના દર્શાવેલ ભાવો સિવાય કોઈપણ પ્રકારે વધારાનો ખર્ચ પાછળથી ગ્રાહય રાખવામાં આવશે નહી.

૮. બિલની ચૂકવણી યુનિવર્સિટીના હિસાબી વિભાગ દ્વારા કરવામાં આવતી હોય, કોઇક કારણોસર પેમેન્ટ કરવામાં મોડું થાય તો કોઇપણ પ્રકારનો વધારાનો ખર્ચ કે વ્યાજ ચૂકવવામાં આવશે નહી.

૯. ભાવપત્રક રદ કરવા કે માન્ય ગણવાનો અબાધિત અધિકાર યુનિવર્સિટીનો રહેશે.

૧૦. ભાવપત્રક મંગાવ્યા બાદ જરૂર જણાય તો ભાવપત્રકો કોઇપણ કારણોસર રદ કરી શકાશે.

૧૧. કોઈપણ નિયમનું અર્થઘટન કે વિવાદના પ્રસંગે મા.કુલપતિશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૧૨. સંજોગોવશ જો કોઇ વિવાદ કે તકરાર ઉપસ્થિત થાય તો તે અંગે ન્યાય ક્ષેત્ર સુરત રહેશે.

(પરચેઝ સેલ)
નાણાં અને હિસાબી વિભાગ